પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર યોજના (સરકાર માન્ય વાજબી ભાવની દુકાનો)

ગુજરાત સરકાર
અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ
ઠરાવ ક્રમાંક: વભદ/૧૦૨૦૦૨/૪૮૭/ભાગ-૩/ક
૧૪,સરદારભવન, છ ઠો માળ
સચિવાલય,ગાંધીનગર
તા. ૨૧/૩/૨૦૦૭

વંચાણે લીધો:-

(૧) અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગનો ઠરાવ ક:વભદ/૧૦/૨૦૦૨/૪૮૭/ભાગ-૧/ક તા.૨૧/૮/૨૦૦૬

પ્રાસ્તાવિક:-

સંદર્ભ (૧) માં દર્શાવેલ તા.૨૧/૮/૨૦૦૬ના ઠરાવથી વાજબી ભાવની દુકાનોની ફાળવણી અંગેની નીતિ નકકી કરવામાં આવેલ છે.

૨/- વાજબી ભાવની દુકાન ખોલવા માટે મળેલ અરજીઓનીમાંથી યોગ્ય અરજદારની પસંદગી કરવા માટે દુકાન મંજૂરી માટેની અગ્રતાક્રમ તા.૨૧/૮/૨૦૦૬ના ઠરાવના ફકરા-૫ મુજબ નકકી કરવામાં આવેલ છે. સદરહુ ઠરાવમાં શિક્ષિત બેરોજગારોને દુકાન ફાળવણીમાં પ્રથમ અગ્રતા સ્નાતકને આપવાનું નકકી કરવામાં આવેલ છે જો સ્નાતક શિક્ષિત બેરોજગાર ઉપલબ્ધ ન થાય તો એસ.એસ.સી.પાસ ઉમેદવારને દુકાન ફાળવવાનું નકકી કરવામાં આવેલ છે. રાજય સરકારના ધ્યાન પર આવેલ છે, કે ધોરણ-૧૨ પાસ ઉમેદવાર અને એસ.એસ.સી. પાસ ધોરણ-૧૦ પાસ ઉમેદવાર વચ્ચે દુકાનની શૈક્ષણિક લાયકાત ધરાવતા ધોરણ-૧૨ પાસ ઉમેદવાર કરતાં ઓછી શૈક્ષણિક લાયકાત ધરાવતા એસ.એસ.સી. પાસ (ધોરણ-૧૦ પાસ) ઉમેદવારને કલેકટરશ્રી ધ્વારા દુકાન મંજુર કરવામાં આવે છે. સરકારશ્રીનો આશય વધુ શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષિ ાત બેરોજગારને દુકાન ફાળવવાનો છે. તેથી સરકારના તા.૨૧/૮/૦૬ના ઠરાવના ફકરા ૫.૩માં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

સુધારા ઠરાવ:-

(૧) ફકરા ૫.૩:- દુકાન મંજૂરી માટેનો શિક્ષિત બેરોજગારો માટેનો અગ્રતાક્રમ :-

દુકાન ખોલવા માટે મળેલ અરજીઓમાંથી યોગ્ય અરજદારની પસંદગી કરવા સારૂ નીચે મુજબનો અગ્રતાક્રમ નક્કી કરવામાં આવે છે.

(અ) સૌથી વધુ શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષિત બેરોજગારને દુકાન મંજૂર કરવાની રહેશે, એટલે કે અગ્રતાક્રમ નીચે મુજબ રહેશે.

(૧) અનુસ્નાતક (એમ.એ.એમ.કોમ, વિગેરે)

(૨) સ્નાતક (બી.એ.બી.કોમ વગેરે)

(૩) એસ.વાય.બી.એ., એસ.વાય.બી.કોમ વિગેરે)

(૪) ધોરણ-૧૨ પાસ

(૫) એસ.એસ.સી.પાસ (ધોરણ-૧૦ પાસ)

(બ) સરખા લાયકાત ધરાવતા ઉમેદવારોના કિસ્સામાં વધુ ટકા ધરાવનારને પ્રથમ પસંદગી આપવાની રહેશે.

(ક) દુકાન ચલાવવાના અનુભવવાળાને પ્રથમ પસંદગી આપવા અંગેની તા.૨/૮/૦૪ના ઠરાવના ફકરા-૬ ની જોગવાઈ આથી રદ કરવામાં આવે છે.

(બ) ફકરા ૫.૩માં ઉપર્યુક્ત સુધારા સિવાયની અન્ય શરતો/જોગવાઈઓ યથાવત રહે છે.

ફકરા ૫.૩.૪ અને ફકરા ૫.૪.૪ના સંબંધમાં સ્પષ્ટતા:-

(૨) જનરલ કેટેગરીની દુકાન ફાળવવાના કિસ્સામાં જણાવવાનું કે જનરલ કેટેગરી માટે ફાળવવાની દુકાન માટે અનુ.જાતિ, અનુ.જનજાતિના શિક્ષિત બેરોજગારો અરજી કરે તો તેઓ જનરલ કેટેગરીના ઉમેદવાર કરતા વધુ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય, તો જનરલ કેટેગરીની દુકાન અનુ.જાતિ, અનુ.જનજાતિના ઉમેદવારને મંજૂર કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મઝહર શેખ)
સેકશન અધિકારી
અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,
૧. સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ
૨. સર્વે જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓ (ફેકસ ધ્વારા) બા.ક્રી
૩. અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રકશ્રી, અમદાવાદ શહેર (ફેકસ ધ્વારા) બા.ક્રી

૪. નાયબ અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રકશ્રી, અમદાવાદ શહેર
૫. સર્વે મામલતદારશ્રીઓ/ મહાલકારીશ્રીઓ

નકલ જાણ સારૂ રવાના:-

૧. માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
૨. અંગત સચિવશ્રી,માન.રા.ક.મંત્રીશ્રી,અ.ના.પુ.અને ગ્રા.બા. સચિવાલય,ગાંધીનગર
૩. સર્વે માન.મંત્રીશ્રીઓ/ રા.ક.મંત્રીશ્રીઓ સચિવાલય,ગાંધીનગર
૪. અગ્રસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ સચિવાલય, ગાંધીનગર
૫. સચિવાલયના તમામ વિભાગો
૬. નિયામકશ્રી, (નાગરિક પુરવઠા) અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ સચિવાલય,ગાંધીનગર
૭. અન્ન નિયામકશ્રી, અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ સચિવાલય, ગાંધીનગર
૮. નિયામકશ્રી, નાગરિક પુરવઠા (તપાસણી શાખા) સચિવાલય,ગાંધીનગર
૯. વિભાગની સર્વે શાખાઓ (અ,બ,ડ,ઇ,ફ,વિશેષ,બજેટ)
૧૦. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી. સેકટર-૧૦ ગાંધીનગર
૧૧. સિલેકટ ફાઇલ
૧૨ અંગત ફાઇલ

નકલ રવાના:-

(૧) સચિવશ્રી,ગ્રામ વિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
(૨) કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
(૩) સર્વે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીઓ (૨૫ જિલ્લા પંચાયતો)
(૪) સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ